મહાન વ્યક્તિઓ વિપત્તિ વખતે મૌન, સંયમ અને ધીરજ રાખે છે
- શેખ સાદી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૦૫ | ૨૫ જૂન, ૨૦૧૩, મંગળવાર; જયેષ્ઠ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં વરસાદ ખેંચાતા વાવણી ધીમી પડી

## ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં પચ્ચીસ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર કરાયું : ચારે તાલુકામાં વાવણીલાયક વરસાદ થવા છતાં વરસાદ ખેંચાતા કામગીરી ધીમી પડી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં વરસાદ ખેંચાતા વાવણીની કામગીરી ધીમી પડવા પામી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં પચ્ચીસ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે.

જિલ્લાના ચારેય તાલુકામાં વાવણીલાયક વરસાદ થયો છે પણ આ વરસાદ ખેંચાતાં ખેડૂતો દ્વારા વાવણીની કામગીરી ધીરી કરી દેવામાં આવી છે. જો કે પિયતની સુવિધા ધરાવતા ખેડૂતો દ્વારા પણ વાવણીની કામગીરી હાલ ધીમી ગતિએ જ ચાલી રહી છે.

સામાન્યતઃ જૂનના અંતમાં જિલ્લામાં વરસાદ થતો હોય છે પરંતુ આ વખતે પ્રિ.મોન્સુન એક્ટીવીટીની સક્રિયતા વધતાં વરસાદ વહેલો શરૂ થયો હતો.

જિલ્લામાં સિઝનનો ૧૦ ટકા જેટલો વરસાદ થઈ જવા પામ્યો છે. પરંતુ જે રીતે વરસાદ ખેંચાયો છે તેને લઈ ખેડૂતો ચિંતાતુર બન્યા છે અને વાવણીની કામગીરી ધીમી કરી દીધી છે. હાલ જ્યાં પિયતની સુવિધાઓ ઉપલબ્ધ છે તેવા ખેડૂતો કપાસ અને શાકભાજીનું વાવેતર કરી રહ્યા છે.

વરસાદને આવતાં હજુ ૧૦ દિવસ જેટલો સમય લાગશે તેમ ખેડૂતોનું માનવું છે એટલે તેઓ વાવણીનું આયોજન પણ તે રીતે જ કરી રહ્યા છે. જિલ્લામાં આ વખતે મજૂરોની અછતને લઈ કપાસનું વાવેતર ઘટે તેવી શક્યતાના નિર્દેશો પણ ખેડૂતો આપી રહ્યા છે.

વરસાદનો બીજો રાઉન્ડ અષાઢ માસમાં જ આવશે તેવુ માનવું છે. બીજી તરફ ખેડૂતોએ પણ વરસાદી પાણીથી ભીંજાયેલા ખેતરો ખેડીને તૈયાર કરી રાખ્યા છે. કેટલાક વિસ્તારોમાં ગવારના પાકને વહેરવાની કામગીરી પણ ચાલી રહી છે.

જિલ્લામાં ૧,૫૦,૦૦૦ હજાર હેક્ટર વિસ્તારમાં પાક-આયોજન કરાયું છે. જિલ્લામાં વાવણીનું કામ અત્યાર સુધીમાં ગાંધીનગર, દહેગામ અને કલોલમાં સારૂ થવા પામ્યુ છે જ્યારે માણસામાં વાવણીની કામગીરી અત્યંત ધીમી ચાલી રહી છે.

### નદી કિનારાના ગામોમાં ચુડવેલનો ઉપદ્રવ જણાયો

ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી સાબરમતી નદીના કિનારાના ગામોમાં ચુડવેલનો ઉપદ્રવ જણાતાં ખેડૂતોમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લાની જમીન રેતાળ છે અને આ ચુડવેલનો ખોરાક પણ મારી જ છે. આ ચુડવેલનું આયુષ્ય આમ તો ૨૦ થી ૨૨ દિવસ જેટલું હોય છે. આ ચુડવેલ પડી હોય ત્યાં સુધી વરસાદ આવતો નથી અને ગરમીની જ આ ચુડવેલ બહાર આવતી હોય છે.

જિલ્લામાંય ખાસ કરીને ગાંધીનગર તાલુકાના લવારપુર, શાહપુર, પીંપળજ જેવા ગામોમાં ચુડવેલ દેખાઈ છે તો કલોલ અને માણસા તાલુકાના કેટલાક ગામોમાં પણ આ ચુડવેલનો ઉપદ્રવ થયાના અહેવાલો છે.

છેલ્લા બે વર્ષથી જિલ્લામાં ચુડવેલનો ઉપદ્રવ વધુ જોવા મળી રહ્યો છે. આ જીવાતના ઉપદ્રવને લઈ ખેડૂતોનું માનવું છે કે વરસાદ ખેંચાશે અને એટલે જ ખેડૂતો ચિંતાતુર બની વાવણીની કામગીરી ધીમી કરી દીધી છે.



ગાંધીનગરના ગોંદરેથી પસાર થતી સાબરમતી નદીને આમતો કુમારિકા ગણવામાં આવે છે. નદી આમતો લોકમાતા પણ ગણાય છે. સુકી પડેલી આ નદીમાં રેતીચોરીના પ્રકરણો બહુ બન્યા છે. પરંતુ વાત એ નથી કરવી સાબરમતીના કિનારે પિતૃતર્પણનો મહિમા પણ ધર્મગ્રંથોમાં કહેવાયો છે. શ્રાવણ નજીક છે પરંતુ આ નદી હજુ સાવ કોરી છે... ઐતિહાસિક મહત્ત્વ પણ કવિઓએ તેમની કવિતામાં ગાયું છે કે 'સાબરમતી કે સંત તુને કર દિયા કમાલ...' પણ આ કોરી સાબરમતીને કારણે પાટનગરમાં પાણીની સમસ્યા પણ વિકરાળ બની છે...! **(તસવીર : દિપક જાની)**

# મેડીકલ કૉલેજમાં પુનઃ કાઉન્સીલની ટીમનું ઈન્સ્પેક્શન થશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મેડીકલ કોલેજના દ્વિતીય વર્ષની મંજૂરી માટે બીજી વખત મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા ઈન્સ્પેક્શન કરવામાં આવે તેવી શક્યતાના સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. જો કે આ અંગે હજુ કોઈ મગનું નામ મરી પાડવા તૈયાર નથી પરંતુ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા આ વખતે સંપૂર્ણ કડક વલણ મંજૂરીના મુદ્દે અખત્યાર કરવાના મૂડમાં છે.

ગાંધીનગર મેડીકલ કોલેજની દ્વિતીય વર્ષની મંજૂરી માટે આમ તો માર્ચ માસમાં ઈન્સ્પેક્શન પૂર્ણ થઈ ગયું છે. કાઉન્સીલને મળેલા અહેવાલમાં સ્ટાફની ઘટને લઈ ઉલ્લેખ કરાયો હતો. આ બાબતે કાઉન્સીલ દ્વારા ખુલાસો પણ માંગવામાં આવ્યો હતો. અને તે ખુલાસાનો પ્રત્યુત્તર પાઠવે પણ એક માસથી વધુ સમય થઈ ગયો હોવા છતાં કાઉન્સીલ દ્વારા હજુ પ્રત્યુત્તર આપવામાં આવ્યો નથી.

ગાંધીનગર મેડીકલ કોલેજને ગત વર્ષે જૂનના આખરી સપ્તાહમાં મંજૂરી આપવામાં આવી હતી. આ વર્ષનું શૈક્ષણિક સત્ર સમાપ્તી પર છે પરંતુ હજુ બીજા વર્ષની મંજુરી મળી નથી.

મળતી વિગતો પ્રમાણે બીજા વર્ષના અભ્યાસક્રમને લઈ ૧૦૬ જેટલા શૈક્ષણિક કર્મચારીઓનું

● અનુસંધાન પાના-૭ પર













